ધાર્મિક વિધિ, અગ્નિ સાખે બંધાયેલાં ય ક્યાં ટકે છે?
કુળ જોઇ, સૂરજ સાખે બંધાયેલાં ય બટકે છે?
છટકે છે લીધી હોય પ્રતિજ્ઞા સપ્તપદીની તો ય!!
'સ્વાર્થના સંબંધે બંધાયેલાં'નું તો રોજ ફટકે છે..
(સામાજિક મૂલ્યોની મજાક-લીવ ઇન રિલેશનશીપ)

હે, ન્યાય દેવી!
બાંધો આંખને પાટા-
નહીં જોવાય!!
(જજ, પણ લે 'ન્યાય' હાથમાં)

ગાડું ચાલ્યું ને..
શ્વાનને લાગે ભાર -
ગેરસરજ!
(ચૂંટણી પરિણામો પર સ્થાનિક સંજોગોની અસર)

ચિંતન

પુત્રસૂ: પાકકુશલા પવિત્રા ચ પતિવ્રતા ।
પદ્માક્ષી પંચપૈર્નારી સંયાતિ ગૌરવમ્ ॥

'પુત્રને જન્મ આપનારી, રસોઇ-પાકશાસ્ત્રમાં પ્રવીણ, જાતે પવિત્ર (સ્વભાવ-સદાચારમાં) અને પ્રતિવ્રતા તથા કમળ જેવી આંખોવાળી સૌંદર્યવતી, આ પ્રકારની પાંચ પ્રકારની સ્ત્રીઓ સંસાર વ્યવહારમાં માન-સન્માન સાથે ગૌરવપ્રદ સ્થાન પામે છે.'

અહીં પાંચ પ્રકાર સ્ત્રીઓની વાત છે -

(૧) પ્રાચીન સમયમાં જયારે ધાર્મિક ક્રિયાઓ માટે પુત્ર હોવાનું આવશ્યક મનાતું એટલે પુત્રજન્મ આપનારી સ્ત્રીનું મહત્ત્વ કહ્યું છે પણ આજની પરિસ્થિતિમાં તો જે 'વ્યંધ્યત્વ'ન ધરાવતી હોય એવી ગણી શકાય - અને (વૈજ્ઞાનિક રીતે તો એને માટે પણ માત્ર સ્ત્રી જ જવાબદાર નથી)

(૨) અદ્યતન યુવતીઓ માત્ર ડીગ્રી-અભ્યાસ અને ઉચ્ચપદો પર પહોચતાં ઘર-રસોડું છૂટી જાય છે 'રસોઇ' કરવી 'ફરજ' નથી પણ પાકશાસ્ત્ર જાણવું મહત્ત્વનું છે. માટે સારી રીતે રસોઇ બનાવી શકનારી.

(૩) સદાચારી અને પવિત્ર.

(૪) પતિવ્રતા-આજના યુગમાં પણ શીલ અને મર્યાદા સાચવીને રહેનારી ગુણિયલ સ્ત્રી.

(૫) અને સૌંદર્યવાન (બાહ્ય અને આંતરિક) સ્ત્રી ઘર સંસાર-વ્યવહારમાં ગૌરવપ્રદ સ્થાન પ્રાપ્ત કરે છે.

સુવિચાર

- સદ્‌ગુણોની પ્રાપ્તિ એ તો આંતરિક વૈભવ છે, સાચી સંપદા છે, માણસ જણસથી મુલવાઇ ન શકે, એ તો મૂલ્યથી મૂલવાય - ***એસ. ભટ્ટાચાર્ય***
- લાઇબ્રેરી એટલે મગજ માટેનું જીમ્નેશિયમ - ***જય વસાવડા***
- કોઇ પણ સર્જનમાં વિચારબીજ ઇશ્વરદત્ત હોય છે અને પછીની સર્જન પ્રક્રિયા એ કવિમાં રહેલી ક્ષમતા અને રજૂઆતની પરીક્ષા હોય છે - ***હર્ષ બ્રહ્મભટ્ટ***
- જેવી રીતે વસંતઋતુમાં પહાડો ઉપર ફૂલો છે, એવી જ રીતે કોરા કાગળ ઉપર શાહી લાગવી જોઇએ - ***ભૂપત વડોદરિયા***
- લેખનમાંથી કંઇક ઉત્તમ પેદા થઇ શકે તેના માટે બુદ્ધિ નહી પણ કસબ હોવો જોઇએ, ઇજનેરી શીખો તે રીતે લેખન શીખી શકાય નહીં - ***શાહબુદ્દીન રાઠોડ***
- ફરિયાદો કરીને, સહાનુભૂતિનાં મોજાઓ ભેગા કરીને તમે દરિયા દિલ નથી બની શકતા - ***રાજચંદ્ર***
- 'સંબંધ' એટલે સમ+બંધ.. જેમાં બંને સમાજ જોડાયેલા હોય તે સંબંધ. ન કોઇ ઓછું, ન કોઇ વધારે. ન એક રાજીખુશીથી, ને બીજુ પરાણે - ***ભીખુદાન ગઢવી***

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

એક ગરીબ સુથારને રાજમહેલનું રાચરચીલું મરાવત કરવાનું કામ મળ્યું. આઠ-નવ વર્ષનો પુત્ર પણ રંધો-હથોડી લઇ બાપની સાથે કામ શીખવા જતો - અને આજે તો 'રાજમહેલ' જોવા મળશે એમ સમજી એ પણ પિતાની સાથે ગયો.

નાની મોટી વસ્તુ આપ-લેમાં કંઇ પકડવામાં મદદરૂપ થતો. રીપેરીંગમાં રાજાનું સિંહાસન પણ આવ્યું હતું. સિંહાસનના બે બાજુના હાથા થોડા ડગુમગુ હતા એટલું જ કામ હતું. પરંતુ પુત્રએ સિંહાસનની બેઠક અને ચોકઠાં પર હાથ ફેરવી જોયો, ખરબચડું હતું એને ધીમે ધીમે રંધો ચલાવવાનું શરૂ કર્યું.

પિતાએ જોયું - અને પૂછ્યું બેટા! એવી ખોટી મહેનત શા માટે કરે છે? એમાં તો માત્ર હાથાનું જ કામ કરવાનું છે.

પુત્ર કહે - પિતાજી આની સપાટી ખરબચડ છે એને લીસી બનાવું છું રાજ સિંહાસન પર મોટો થઇશ ત્યારે મારે જ બેસવાનું છે!

સુથાર ને એની વાત ન સમજાઇ - પણ આ શબ્દ બોલનાર પુત્ર તે ઇટાલીનો સરમુખત્યાર મુસોલિની હતો. સંકલ્પ અને મનોબળથી આગળ વધી એ એ જ 'સિંહાસન' પર બેઠો...

દ્રઢ મનોબળ અને મક્કમ સંકલ્પ હંમેશા ફળે છે.

Email - sureshchandrabhatt18@gmail.com

નિવૃત્તિ એ ઝીરો નહીં હીરો છે!

કોઈ કામ અનંતકાળ સુધી કરી શકાતું નથી તેની સમજણ કુદરત જન્મતાં જ તમને આપી દે છે. ક્યારેક તો તમારે નિવૃત્ત થવાનું જ છે એ હકીકત સામે હોવા છતાં હવાતિયાં મારવાની ટેવ માનવી કેમ છોડી નથી શકતો

- કામિની સંઘવી

વિચાર યાત્રા
- ડો. જય ઓઝા

સચિન તેંડુલકરે આખરે નિવૃત્તિ લઈ લીધી. તેની લાસ્ટ સ્પીચ લોંગ તો હતી જ પણ સાથે સાથે લોંગ લાસ્ટિંગ પણ હતી. જિંદગીની શરૂઆત એટલે કે પાપા પગલી ભરતાં જ જે કામ કર્યુ હોય તે કામ આમ છોડી દેતાં જીવ કળીએ કળીએ કપાય તેમાં કશું અજુગતુ તો નથી જ. પણ અજુગતી વાત તે લાગી કે સચિને કહ્યું કે તેણે જિંદગીમાં ક્રિકેટ સિવાય કશું કર્યુ કે વિચાર્યુ નથી એટલે તેને ખબર નથી પડતી કે હવે શું કરવું. સચિન સ્ટાર છે. લોકો તેને ક્રિકેટનો ગોડ કહે છે. પણ આ ગોડ ખુદ પોતાના ભવિષ્ય વિશે અંધકારમાં છે. એટલે કે નિવૃત્ત થઈને શું કરવું. સુનિલ ગાવસકરની જેમ ક્રિકેટ કોમેન્ટેટર બની જવું કે પછી રવિ શાસ્ત્રીની જેમ માઈક લઈને મેદાનમાં તરી પિચ તપાસતા-પ્રેઝન્ટેશન સેરેમની હેન્ડલ કરતા પ્રેઝન્ટર કમ એન્કર બની જવું. નો ડાઉટ, સચિનને ઘણું ઘણું કામ મળી રહેશે, કારણ કે તે ક્રિકેટનો ગોડ છે. પણ આશ્ચર્યની વાત એ છે કે ક્યારેક તો તમારે નિવૃત્ત થવાનું જ છે તે નગ્ન સત્ય સ્વીકારતાં ગોડને પણ કેમ વાર લાગે છે? છેલ્લાં બે-ચાર વર્ષથી તો મિડિયામાં પણ સચિને નિવૃત્તિ લેવી જોઈએ તે વિશે ચર્ચા થતી હતી, કારણ કે ક્રિકેટ રમવાની તેની ઉંમર વીતી ગઈ છે કે વીતી રહી છે તે હકીકત સામે હતી. કેમ ક્રિકેટનો ગોડ ગણાતો સચિન પણ નિવૃત્તિના ભયથી થરથર કાંપે છે? કેમ હકીકત સામે હોવા છતાં હવાતિયાં મારવાની ટેવ માનવી છોડી શકતો નથી?

કોઈ કામ અનંતકાળ સુધી તમે કરી શકતા નથી. તેની સમજણ આમ તો કુદરત જન્મતાં જ તમને આપી દે છે. બાળક જન્મે ત્યારે સો ટકા માને આધીન હોય છે. ખાવું-પીવું, નહાવું-ધોવું તેમજ બધી જ ક્રિયામાં તે પરાવલંબી હોય છે. પણ જેમ જેમ બાળક મોટું થાય છે તેમ તેમ સ્વાવલંબન થતું જાય છે. એક પછી એક વસ્તુ છૂટતી જાય છે. પહેલાં બોલતાં, ખાતાં-પીતાં, હરતાં-ફરતાં તેમ ક્રમબદ્ધ બધી વસ્તુ શિખાતી જાય છે. એટલે માણસ સતત કશું પામવા માટે કશુંક ગુમાવતો રહે છે. જેમ કે સ્તનપાન કરતું બાળક બોટલથી કે ગ્લાસથી દૂધ પીવે ત્યારે માની નિકટતા ગુમાવે પણ સ્વાવલંબન બનવા માટેનું પહેલું ચરણ તે માંડી રહ્યો છે તે એટલી જ સાચી હકીકત છે.

માનું દૂધ ન છોડવા માટે બાળક રડે છે, ધમપછાડા કરે છે, પણ ધીરે ધીરે ટેવાઈ જાય છે, શીખી જાય છે કે હવે સ્તનપાન કરવાની ઉંમર ગઈ. હવે ગ્લાસથી દૂધ પીવાની ઉંમર થઈ છે. તેજ રીતે પહેલું ડગ માંડતા બાળકને પિતા કાળજીથી ડગલું ભરતાં શીખવે છે પણ બાળક ચાલતાં શીખે તે માટે થોડાં ડગલાં ચલાવીને પણ પિતા તેનો હાથ છોડી દે છે તેથી જ બાળક ચાલતાં શીખે છે. પછી જીવનનો બીજો તબક્કો આવે છે. બાળકની સ્કૂલે જવાની ઉંમર થાય છે ત્યારે ફરી બાળક ઘરનો સુરક્ષિત માહોલ છોડીને અજાણ્યા માહોલમાં જતાં ગભરાય છે, રડે છે. પણ જીવન જીવવા માટે જરૂરી શિક્ષા મેળવવા માટે પણ શિક્ષણ મેળવવું જરૂરી છે તે માતા-પિતા સમજે છે. એટલે જ રડતા બાળકને સ્કૂલે મૂકીને મન મક્કમ કરીને ઘરે પાછાં જતાં રહે છે. બાળક ધીરે ધીરે ટીચર્સ અને બીજા સ્ટુડન્ટ સાથે તાદાત્મ્ય કેળવે છે. સહેજ બે-ચાર વર્ષ વીતે અને પછી પ્રાથમિક શાળા છૂટે છે અને મિડલ સ્કૂલ શરૂ થાય છે. વળી નવા ટીચર, નવા વિષય કંઈક નવું શીખવાની પ્રક્રિયા ચાલે છે. મિડલ સ્કૂલ પછી હાઈ સ્કૂલ. હવે સબ્જેક્ટની પસંદગી સાથે તમારું ભવિષ્ટ પણ જોડાય છે. પસંદગી કરતાં પહેલાં તમે પ્રેક્ટિકલ બનો છો અને હાઈ સ્કૂલ પાસ કરી કે સ્કૂલ લાઈફનો જીવનભર માટે અંત. ફરી શિક્ષકો, મિત્રોને છોડતાં હૈયું રડે છે પણ સ્કૂલની ડિસિપ્લિન્ડ લાઈફમાંથી છૂટીને કોલેજના મુક્ત વાતાવરણમાં સહચરવાનો આનંદ સ્કૂલ છોડ્યાના દુઃખને કંઈક હળવું કરે છે. વળી બે-ચાર વર્ષ વીતે અને કોલેજ લાઈફ પૂરી થાય. ફરી પાછો જિંદગીનો એક નવો આયામ જ શરૂ થાય. અત્યાર સુધી મોમ-ડેડના પૈસે જલસા કર્યા હોઈ હવે તમારી કમાણીમાંથી તેમનાં સપનાં પૂરાં કરવાનો સમય આવે. એટલે વળી જોબ માટે કે સપનાંને હકીકત બનાવવા માટેની દોટ ચાલુ થાય ને ગામ - નગર - શહેર અને માતા-પિતાને છોડીને નવો વસવાટ શરૂ થાય. તમારા વર્ક પ્લેસ પર પણ પ્રમોશન, ટ્રાન્સફર, રિટાયરમેન્ટ બધું ચાલ્યા જ કરે. જૂના માણસો જાય, નવા આવે છે. તે બધા સાથે તમે ફરી પાછા અનુકૂલન શોધો છો. તમે ઘડી બે ઘડી તે વિશે વિચારો ન વિચારો અને આગળ વધતા રહો. તે દરમિયાન ફેમિલી બને, પછી તેને નિભાવવાની - સાચવવાની જવાબદારી વધતી જાય. જે રસ્તો પાર કરીને તમે મંઝિલે પહોંચ્યા છો તે જ રસ્તે તમારા બાળક ચાલતા થાય. તમે તે બધામાં ભાગીદાર બનો, પરંતુ તમારી મંઝિલ અંત તરફ ઝડપથી ધસી રહી છે તે વાત તમે સ્વીકારી શકતા નથી કે પછી આંખ-મીચામણાં કરો છો. ત્યાં સુધી કે એક દિવસ અચાનક નિવૃત્તિ સામે આવીને ભી રહે અને અસલ સચિનની જેમ તમે હેબતાઈ જાવ. નિવૃત્ત થઈને શું કરીશ? ક્યાં જઈશ? મેં તો ક્યારેય વિચાર્યુ જ ન હતું કે હું નિવૃત્ત થઈશ! જિંદગી ખરા અર્થમાં તમારો જન્મ થતાં જ તમને કશા ને કશામાંથી નિવૃત્ત થવાના પાઠ શીખવતી હોય છે. પણ આપણને આંખ આડા કાન કરવા ગમે છે. જેમ બાળકને કડવી દવા પીતાં જોર આવે તેમ આપણને નિવૃત્ત થતાં કે તે વિશે વિચારતાં જોર આવે છે. પણ આખરે સાજા-નરવા રહેવા માટે જેમ કડવી દવા પીવી જરૂરી બને છે તેમ જીવન ટકાવવા માટે પણ નિવૃત્ત થવું જરૂરી છે. નિવૃત્તિ જિંદગીનો એક એવો હિસ્સો છે જેની કોઈ અવગણના કરી શકતું નથી. જેમ જીવન તેમ મૃત્યુ તેમ જ જેમ પ્રવૃત્તિ તેમ નિવૃત્તિ. જેમ જન્મ-મરણ ટાળી નથી શકાતાં તેમ પ્રવૃત્તિ પછીની નિવૃત્તિ ને પણ ટાળી શકાતી નથી. હા, પણ નિવૃત્તિમાં પણ જે પ્રવૃત્તિમય રહી શકે તે જ સાચી નિવૃત્તિ લઈ શક્યો છે તેમ જાણવું. મહેશ ભટ્ટની 'સારાંશ' ફિલ્મમાં નિવૃત્તિમાં કઈ રીતે જીવનનો સારાંશ શોધી લેવો તેનું બહુ સરસ રીતે વર્ણન થયું હતું. નિવૃત્ત શિક્ષકના એકના એક દીકરાનું અમેરિકામાં મોત થાય છે. તે હકીકતને નિવૃત્ત શિક્ષક એટલે કે તે દીકરાનો પિતા સ્વીકારી નથી શકતો. દીકરાનું મોત થયું હવે જીવન કડવું ઝેર જેવું લાગે છે. કેમ જીવવું? ત્યારે તેનો મિત્ર કહે છે, મૈંને જબ મેરી પત્ની કો ખોયા તબ લગા થા શેષ જીવન કેસે બિતાઉંગા. લેકિન મૈંને રોજ ભાભી કે લિયે સુબહ મેં દૂધ કા પેકેટ લાને મેં અપને જીવન કા અર્થ ઢૂંઢ લિયા. તૂ ભી જીવન જીને કા અર્થ ઢૂંઢ લે.

જીવન હરેક રૂપમાં જીવવું પડે છે. તે જીવન મેળવતાં જ મળેલી પ્રકૃતિની પહેલી શરત છે. પછી તમે હવે દેવળ જૂનું થયું છે એટલે નથી જીવવું તેમ હાથ ખંખેરી નાખો તે ન ચાલે. શરીર-મન ઘસાઈ ગયાં હોય તો પણ જીવવું પડે. અંત સુધી. કોઈ એક્સક્યુઝ નથી અને કોઈ એક્સક્યુઝ્ડ પણ નથી. તો પછી બહેતર છે કે નિવૃત્તિને પણ સ્વીકારતાં શીખો. કોઈ એવી પ્રવૃત્તિ શોધી કાઢો કે જીવન જીવન લાગે, મરણ નહી. જીવ પરોવો, એક વાર સોયમાં દોરો પરોવાઈ ગયો તો જીવન આપોઆપ સંધાતું જશે. હકીકતથી ભાગવું તે કાયરતા છે. તમે તમારી અત્યાર સુધીની લાઈફ હીરોની જેમ જીવ્યા છો તો પછી બાકીનું જીવન શું કામ ઝીરોની માફક જીવવું? હકીકતનો સ્વીકાર કરવામાં હિરોઈઝમ છે, હકીકતથી ભાગવામાં નહી. એટલે નિવૃત્તિ નો પ્લાન જયારે પ્રવૃત્ત હોય ત્યારે જ કરો. જેથી કરીને નિવૃત્ત થવાના શોકમાંથી બચી શકો.

ગ્રીન ચિલી :

"Don't think of retiring from the world until the world will be sorry that you retire. I hate a fellow whom pride or cowardice or laziness drive into a corner, and who does nothing when he is there but sit and growl. Let him come out as I do, and bark."

- Samuel Johnson

તુમ મુઝે ખૂન દો

બ્રિટીશ સરકારની નજરકેદમાંથી છટકી જઇ, સુભાષચંદ્ર બોઝે વિદેશની ધરતી ઉપર આઝાદ હિંદ ફોજની રચના કરી અને 'ચલો દિલ્હી'ના નારા સાથે આઝાદી જંગનો મોરચો માંડ્યો. 'તમને મને ખૂબ આપો, હું તમને સ્વરાજ આપીશ'નો કોલ સુભાષચંદ્ર બોઝે આપ્યો. ક્રાન્તિકારી આંદોલનના મહિલા સૈન્યનું નેતૃત્વ લક્ષ્મી મેનને સંભાળ્યું.

ગાંધીજી અહિંસા દ્વારા આઝાદી મેળવવા માગતા હતા, ત્યારે નેતાજી સુભાષચંદ્ર બોઝની વિચારસરણી ક્રાન્તિકારી હતી. તેઓ તો દ્રઢપણે માનતા હતા કે અંગ્રેજ સરકાર અહિંસાની વાતોથી નહીં જ માને. આ અમાનુષી અંગ્રેજ સરકાર તો સંઘર્ષ અને ક્રાંતિથી જ માનશે. એટલે જ એમણે લોકોને ક્રાંતિ માટે આહ્‌વાન આપ્યું હતું અને એટલે જ એમને યુવાનોને લલકાર્યા હતા કે 'તમે મને ખૂન આપો, હું તમને સ્વરાજ આપીશ.'

નેતાજી સુભાષચંદ્ર બોઝે જયારે આઝાદ હિંદ ફોજનું સુકાન સંભાળ્યું, ત્યારે એમના મનમાં એક જ લક્ષ્ય અને એક જ અભિલાષા હતા, એટલે એ સમયે એમણે ઘોષણા કરી હતી કે -

"ભારતના સ્વાધીનતા-આંદોલન અને આઝાદ હિંદ ફોજના હિતમાં મેં આજથી સેના (આઝાદ હિંદ ફોજ)નું નેતૃત્વ મારા હાથમાં લઇ લીધું છે. મારા માટે આ ખૂબ જ ગૌરવ અને ઉલ્લાસનો અવસર છે. ભલા, એક ભારતીય માટે આનાથી મોટું બીજું કયું સન્માન હોઇ શકે કે ભારતની મુક્તિસેનાનો તે સેનાપતિ બને? પરંતુ હું એ પણ જાણું છું કે મેં જે કામ હાથમાં લીધું છે તે કેટલું મોટું છે. હું એક મોટી જવાબદારી અનુભવી રહ્યા છું. ઇશ્વરને પ્રાર્થના કરૂં છું. કે એ માટે મને શક્તિ આપે એ હું ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ મારા દેશ ભારત પ્રત્યે હું મારૂં કર્તવ્ય પૂરૂં કરી શકું. હું મને પોતાને આ દેશના આડત્રીસ કરોડ લોકોનો સેવક માનું છું. જે જુદા જુદા ધર્મોમાં માનનારાઓ છે. હું એવી રીતે કામ



પોઝિટિવ થિન્કિંગ
યશવંત કડીકર

કરીશ કે આ આડત્રીસ કરોડ લોકોનું હિત જળવઆઇ રહે અને દરેક ભારતવાસી એમ માને કે મારા પર વિશ્વાસ મૂકીને આણે યોગ્ય કર્યું છે. ભારતની મુક્તિસેના કટ્ટર રાષ્ટ્રવાદ, ન્યાય અને ભેદભાવ વગરની નીતિ પર ચાલીને જ સંગઠિત થઇ શકશે."

આપણી માતૃભૂમિને સ્વાધીન કરાવવાના સંઘર્ષમાં આઝાદ ભારતની સરકારની સ્થાપનાના કામમાં અને એક એવી સ્થાયી સેનાના સંગઠનમાં, જે હમેશાં ભારતની સ્વાધીનતાને જાળવી શકે, આઝાદ હિંદ ફોજની ભૂમિકા માટે આ બહુ જ મહત્ત્વપૂર્ણ હશે. આ કામ પુરૂં કરવા માટે આપણે એક એવી સેના બનાવવી પડશે. જેનું ફક્ત એક જ ધ્યેય હોય - ભારતની આઝાદી મેળવવી અને એક જ અભિલાષા હોય- ભારતની આઝાદીની લડાઇમાં આહુતિ આપવી.

આપણું કામ શરૂ થઇ ગયું છે. 'દિલ્હી ચાલો' ના નારા લગાવતાં આપણે આપણી લડાઇ ત્યાં સુધી ચાલુ રાખવાની છે, જયાં સુધી આપણો રાષ્ટ્રીય ધ્વજ નવી દિલ્હીના વાઇસરોય હાઉસ પર ના ફરકે અને આઝાદ હિંદ ફોજ ભારતના આ મહાનગરમાં પ્રાચીન લાલ કિલ્લામાં પોતાની વિજયયાત્રા ના કાઢે.'

નેતાજી સુભાષચંદ્ર બોઝનું આ એક લક્ષ્ય અને અભિલાષા હતા. એમની શ્રદ્ધા તો ભારતના થનગનતા યૌવનધન પર હતી. એમને ભય હતો કે ગાંધીજીની આ અહિંસાની વાતો અને અહિંસા દ્વારા આઝાદી મેળવવાની ઘોષણા ભારતના યૌવનધનને ક્યાંક નિર્માલ્ય ના બનાવી દે. એટલે જ એમણે આપણા યુવાનોને આહ્‌વાન કર્યું કે, "તમે મને ખૂબ આપો, હું તમને સ્વરાજ આપીશ."

નેતાજી સુભાષચંદ્ર બોઝ તો જાણતા હતા કે આ સત્તાભૂખી અંગ્રેજ સરકાર અહિંસાની સુફિયાણી વાતોથી આપણને આઝાદી નહીં જ આપે. જલિયાંવાળા બાગનો પ્રસંગ અને ક્રાંતિકારીઓ ઉપર વર્તાવવામાં આવેલા કેરથી તો એમનું લોહી ઊકળી ઉઠ્યું હતું અને જયારે આપણા ત્રણ ક્રાંતિકારી રાજગુરૂ, સુખદેવ અને ભગતસિંહને મધરાતના ફાંસી આપવામાં આવી, ત્યારે તો નેતાજીનો આક્રોશ ભભૂકી ઊઠ્યો.

પેલા કવિએ પણ ગાયુ છે ને કે -

'રાજગુરૂ, સુખદેવ ને ત્રીજો ભગતસિંહ વીરલો
સુંદર ત્રિપુટી હિંદની, મધરાતના ફાંસી ચઢી
એ વીરોને ઉગારવા શાણા વકીલો આવિયા
હુકમ મળ્યો ફાંસી તમો, એમાં ના કોઇ ફાવિયા.'

એટલે આપણા લોકલાડીલા નેતાજી સુભાષચંદ્ર બોઝે યુવાનોને લલકારતાં કહ્યું હતું, "તમે મને ખૂબ આપો, હું તમને સ્વરાજ આપીશ."

પોતાનું સ્થાન આગવી રીતે કંડારનાર ગૌરવવંતા બિલ્ડર, ખેડૂતરક્ષક જસમતભાઇ નાનુભાઇ વિડિયા (વિરડિયા)

ગૌરવવંતા ગુજરાતીઓની ગરિમા ગૌરવપૂર્ણ છે તેમ ખુમારીથી કહી શકાય. ખરેખર કેટલીક વ્યક્તિઓને એમના ક્ષેત્રમાં એમની આવજતની સુવાસ હજુ અકબંધ રાખી છે.

પોતાનું સ્થાન આગવી રીતે કંડારનાર ઇજનેરનું નામ છે જસમતભાઇ નાનુભાઇ વિડિયા (વિરડિયા).

બોટાદ જીલ્લાના બરવાડા તાલુકાના ઢાઢોદર ગામે તા. ૦૧-૦૬-૧૯૬૨ ના રોજ જન્મેલા જસમતભાઇના પિતા નાનુભાઇ અને માતા શાંતાબેન. જસમતભાઇની સફળતાની પાઠશાળાના સૂત્રધારો તેમના માતાપિતા છે.

જસમતભાઇને આપણે વધુ નજીકથી ઓળખીએ તે પહેલા શંકરાચાર્યના સુભાષિતથી પ્રારંભ કરીએ.

'જેણે મનને જીત્યું છે તેણે જગતને જીત્યું છે.'

ખેડૂતચિંતક, મક્કમ મનના નીડર માનવી, દીર્ઘદ્રષ્ટા જસમતભાઇ બી.ઇ. સિવિલનો અભ્યાસ કરી કુશળ ઇજનેર બન્યા છે. બાંધકામના વ્યવસાય સાથે જોડાયા અને પછી તેઓ તા. ૧૦-૦૨-૧૯૮૫ ના દિને ભાવનગર જીલ્લાના વલ્લભીપુર ગામે સુશ્રી રેખાબેન સાથે ગૃહસ્થીધર્મથી જોડાયા. રેખાબહેન એસ.એસ.સી. સુધી ભણ્યા છે પણ પરિવારને સંસ્કાર, સ્નેહથી બાંધી આદર્શ ગૃહિણી બન્યા છે. એક પુત્ર દેવાંગ અને પુત્રી રૂચિ અને તન્વીકાના માતાપિતા જસમતભાઇ, રેખાબેનને ટહુકતા માળાથી ખૂબજ સંતોષ છે, આનંદ છે.

મોંઘેરા મોતી
- નટવર આહલપરા



જસમતભાઇની સંઘર્ષકથા અનેરી છે, અનન્ય છે અને સૌ માટે પ્રેરક છે. ૧૯૭૮ માં તેઓ ભાવનગર જીલ્લાના તળાજા ગામે FSFCમાં ફરજ બજાવતા હતા. તળાજા શેત્રુંજી નેહર તળેનો વિસ્તાર હોવાથી રાસાયણિક ખાતરનો બહોળો ઉપયોગ થતો હતો. રાસાયણિક ખાતરની પ્રબળ અછત હતી. FSFC ડેપો ઉપર ઇનચાર્જ ઉપરાંત એક વધારાના મદદગારને મોકલવામાં આવતા હતા. તેમ છતાં કેટલાંક માથાભારે તત્ત્વો લાઇનને અવગણીને સીધા આવીને બીલ બનાવડાવી લે અને પછી ત્યાં જ બહાર ઊભા રહી ખેડૂતોને કાળા બજારથી વેચાણ કરતા હતા. જસમતભાઇનું પોસ્ટીંગ તળાજા કરવામાં આવ્યું.

દાદાગીરીની અને કાળાબજાર વચ્ચે કામ કેમ કરવું? પણ હિંમત અને કુનેહથી જસમતભાઇએ કામ કર્યું હતું. હિતેચ્છુઓ ફરીને કયારેય દેખાયા નહીં અને કાયમ માટે તળાજામાં રાસાયણિક ખાતરનું કાળાબજારનું દૂષણ દૂર થયું હતું.

જીવન અખંડ અને અવિભાજ્ય છે.
ક્રાંતિ અને આમુલ પરિવર્તન છે. - એરિક ફ્રોમ

જસમતભાઇના મનમાં ભલું કરવાની ભાવના વ્યક્ત થતી હતી. ખેડૂત ખાતાવહીમાં વારસાઇ એન્ટ્રીઓ સમયસર થવી જોઇએ પણ તલાટી અંગત સ્વાર્થ અર્થે સમયસર એન્ટ્રી કરે નહીં. તળાજા વિસ્તારમાં અનેક એન્ટ્રીમાં વિલંબ થયેલો. અરે ત્રણ-ત્રણ, ચાર-ચાર પેઢીથી એન્ટ્રી જ થઇ નહોતી. મામલતદાર સાથે મિટિંગ કરી તલાટીને સાથે રાખી દસ માસમાં જ બારસોથી વધુ એન્ટ્રીઓ સર્ટિફાઇડ કરાવી. અહીં કહી શકાય કે અન્ય યજ્ઞ કરતા આ યત્ર મોટો છે.

બોટાદમાં સૌરાષ્ટ્રનું મોટુ કૃષિ યાર્ડ છે. યાર્ડમાં રોજ બહોળી માત્રામાં કૃષિ ઉત્પાદન આવતું હતું. ઘટના છે ૧૯૮૩ ની. નગરપાલિકા જકાત વસુલ કરે. ખેડૂતોને જકાત નાબુદી મળે તે અર્થે જસમતભાઇ બોટાદ નગરપાલિકાના ચીફ ઓફિસરને તથા માર્કેટિંગ યાર્ડના સેક્રેટરીને મળ્યાં પણ બંનેએ જકાત નાબુતી અંગે અસમર્થતા દર્શાવી. જસમતભાઇ નારાજ ન થયા. યાર્ડના રેકોર્ડમાંથી સરકારશ્રીનો પરિપત્ર મેવળ્યો. ગામે-ગામના ખેડૂતોની સહીઓ લઇ નગરપાલિકાને વારંવાર અરજીઓ આપી. આ અનુસંધાને નગરપાલિકાએ ઠરાવ કરીને બોટા યાર્ડમાં આવતા તમામ કૃષિ ઉત્પાદકોની જકાત નાબુદ કરી.

સંસ્કૃત કહેવત પ્રમાણે કહીએ તો 'સત્યનો જ વિજય થાય છે અસત્યનો નહીં.'

બોટાદ યાર્ડ કપાસનું મોટું પીઠું. ખેડૂતોએ વેપારીની મનસ્વી ઇચ્છા પ્રમાણે સહમત થવાનું. નુકસાન વેઠવું પડે. જસમતભાઇએ દરમિયાનગીરી કરી યાર્ડના સભ્યોને સમજાવ્યા હતા. ત્રાસેલા ખેડૂતોએ મિટીંગમાં હાજરી આપી. સકારાત્મક નિર્ણય માટે રાજી થયા પણ વેપારીઓએ હડતાળ પાડી. ખેડૂતોની જાગૃતિને કારણે હડતાળ લાંબી ચાલી નહોતી અને કડદો ન કાપવાની શરતે ફરી હડતાળ સમાપ્ત થઇ હતી અનેક કડદા પ્રથાની કાયમ માટે નાબુદી થઇ!

જસમતભાઇ એ પોતાના નિરીક્ષણમાં બોટાદ માર્કેટ યાર્ડમાં ખેડૂતો સાથે થતી છેતરપીંડીને દૂર કરવાની કામગીરી પણ સુંદર રીતે કરી છે. વજનીયાં, ગાજવાનો ઉપયોગ પ્રમાણિકતા પૂર્વક થાય અને વેપારીઓ ખેડૂતોને છેતરે નહીં, પૂરૂં વળતર આપે તે માટે ધાન્ય પાકો, તેલીબીયાં, જીરાં વગેરે... કિંમતી વસ્તુઓ ઉપર બરાબર નિરીક્ષણ રાખ્યું હતું અને ખેડૂતોનો ઢગલાબંધ માલ મફ્ત જતો અટકાવ્યો હતો.

કોમ્પ્યુટર યુગ વિશે મંતવ્ય આપતા જસમતભાઇ કહે છે કે, 'કોમ્પ્યુટર આવવાથી દુનિયા નાની થઇ ગઇ છે. ઘરે બેઠા દુનિયાભરની માહિતી મળી રહે છે જે આવકારદાયક છે.'

વાંચન માટે બહુ થોડો સમય મેળવતા જસમતભાઇને 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' સિરીયલ બહુ જ ગમે છે. બાધા આખડી, માનતામાં તેઓ વિશ્વાસ રાખતા નથી. ઉપવાસ, વ્રત અને એકટાણાં કરતા નથી. શ્રદ્ધાપૂર્વક ઇશ્વર સામે પાઠ-પૂજા કરે છે. ભારત દેશમાં ચારધામયાત્રા, દાર્જીલિંગ, કેરાલા, ગોવા, કુલુ-મનાલી ફર્યા છે તો યુરોપ, અમેરિકા, સા. આફ્રિકા, સિંગાપોર, મલેશિયા અને થાઇલેન્ડ જેવા વિદેશના દેશમાં પણ તેઓએ વિહાર કર્યો છે. અનેક સંસ્થાઓ સાથે કાર્યરત જસમતભાઇ હંમેશા મેડિકલ, શૈક્ષણિક સંસ્થાઓમાં દાન સેવામાં અગ્રેસર રહ્યાં છે અને આજે પણ રહે છે. A & J એસોસીયેટ્સ, સુરત ઉપરાંત સંસ્કાર ભારતી વિદ્યાલય, સુરત ઉલ્લેખનીય છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)